**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૩ ટકા

# શહેરના ફટાકડા બજારમાં ભારે ઘરાકી





ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના ફટાકડા બજારમાં દિવાળીની પૂર્વ સંધ્યાએ ભારે ઘરાકી જોવા મળી હતી. બાળકો માટે વિવિધ ફટાકડાની ખરીદી માટે નાગરીકોએ લાઈન લગાવી હતી. ત્યારે કોરોનાની મંદી બાદ પણ ફટાકડા બજારમાં ભારે રોનક જોવા મળી હતી. નાના બાળકો વિવિધ ફેન્સી ફટાકડાની ખરીદી કરતા નજરે પડ્યા હતા. બજારમાં ફટાકડા મોંઘા હોવા છતા નાગરીકોને તેના ભાવ દઝાડી શક્યા નથી.

ગાંધીનગર શહેરમાં સેકટર-૧૧ તેમજ સેકટર-૨૧ માં ફટાકડાના સ્ટોલ ઉભા કરાયા હતા. તે ઉપરાતં સેકટર-૭, ૨૪, ૬, સહિત ન્યું ગાંધીનગરમાં ઠેકઠેકાણે લારીઓમાં વેપારીઓ ફટાકડા વેચાણ માટે ઉભા રહ્યા હતા. ફટાકડામાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ કોઠી, ચકકર, તારા મંડળ, દોરી, પેન્સિલ, સુતળી બોંબ, ૫૫૫, તાજમહેલ ફટાકડા, ચકલી, સહિત અનેક નિતનવી વેરાયટીઓ બજારમાં ઉપલબ્ધ હતી. જયારે બજારમાં બાળકોને ટીકડી કે રોલ ફોડવા માટે પણ રેન્જર ગન કે પી-૭૫ નામની બંદુક બજારમાં નવી આવી હતી. શહેરના બજારોમાં આખરી ખરીદી માટે નાગરીકો પડાપડી કરી રહ્યા હતા. શહેરના ફટકડા બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. ફટાકડા બજારમાં પણ ભાવમાં તોંતિગ વધારો જોવા મળી રહ્યો છે.તેમ છતા નગારીકોને ફટાકડાનો ભાવ વધારો સહેજ પણ દઝાડતો ન હોય તેમ લાગી રહ્યું છે. નાના મોટા સૌ કોઈ બજારમાં નિતનવા ફટાકડાની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. ફટાકડા બજારમાં વાહન પાર્ક કયાં કરવુ તે પણ પ્રશ્ન સૌ કોઈને સતાવી રહ્યો હતો. દિવાળીની પૂર્વ સંધ્યાએ શહેરના સેકટર-૨૧, સેકટર-૨૪, તેમજ સેકટર-૧૧ માં ફટાકડા ખરીદી કરતા નાગરીકો નજરે પડતા હતા.

## નૂતન વર્ષના દિવસે સંસ્કાર ગૃપ દ્વારા બાળકો માટે રચનાત્મક પ્રવૃત્તિનું આયોજન

ગાંધીનગરના સંસ્કાર ગૃપ દ્વારા દિવાળી તથા નૂતનવર્ષના પાવન પ્રસંગે બાળકો માટે રસપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે અનુસાર આગામી તા.૫મી નવેમ્બર શુક્રવારના રોજ નૂતનવર્ષના દિવસે સવારે ૬.૪૫ કલાકે સેકટર-૭ના બગીચામાં કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમમાં ગૃપના વાલી-બાળકો દ્વારા નવવર્ષની શુભેચ્છાઓની આપ-લે થશે, બાળકોએ બનાવેલા ચાર્ટ પેપર ઉપર શુભેચ્છા કાર્ડ ગ્રિટીંગ્સના સુવાક્યો લખીને એકબીજાને આપ લે કરશે તેમજ બગીચાના પ્રવેશદ્વારે આસોપાલવના તોરણ અને ફુલોની સજાવટ સાથે રંગોળી કરવામાં આવશે.




દિપાવલીના પાવન પર્વ નિમિત્તે સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગમાં સંકલન શાખામાં ફરજ બજાવતા નાયબ સેકશન અધિકારી સોનિયાબેન ગાંજાએ તેમની ઓફિસમાં અદભુત અને કલાત્મક રંગોળી બનાવીને સૌના મન મોહી લીધા હતા

## જલારામ સેવા સમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩

પૂજ્ય જલારામ બાપાની અસીમ કૃપાથી નૂતન વર્ષે આપનુ જીવન છલકાતુ રહે તેવી શુભકામનાઓ સાથે શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા.૫ નવેમ્બરને શુક્રવારના રોજ સવારે ૯ કલાક થી બપોરના ૧૨ કલાક સુધી સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન સમારોહમાં સમાજના સૌ ભાઈ બહેનોને સહભાગી થવા સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

# પર્વોનો સમુહ દિપાવલી સમુહજીવનનો સંદેશ આપે છે

## શહેરમાં રહેતા સેંકડો પરિવારો માદરે વતન તરફ રવાના

ગાંધીનગર, તા.૩

બધા પર્વોમાં સૌથી શ્રેષ્ઠ તહેવાર એટલે દિવાળી. દિવાળી માત્ર એક દિવસનો તહેવાર નથી. એકમથી લઈને છેક લાભપાંચમ સુધીના તહેવારોનો સમુહ એટલે દિવાળીનું પર્વ. તહેવારોની ઉજવણીનો ટ્રેન્ડ આપણે ત્યાં બદલાતો જાય છે પરંતુ દિવાળી તહેવારો આપણે ત્યાં સમુહમાં કે કુટુંબની સાથે ઉજવવાનો ટ્રેન્ડ હજુ જળવાઈ રહ્યો છે. ગાંધીનગરના મોટાભાગના પરિવારો દિવાળીની ઉજવણી કરવા વતન જવા રવાના થઈ ગયા છે. ઘણા પરિવારો હરવા ફરવા પણ ઉપડી ગયા છે.



લંકા વિજય પછી અયોધ્યા પધારેલા રામ-સીતા-લક્ષ્મણનું ભવ્ય સ્વાગત કરવા મટે શરૂ થયેલી ઉજવણી એટલે દિવાળી. ઉત્સાહ, ઉલ્લાસ અને રોશનીના આ પર્વની ઉજવણી દેશના લગભગ દરેક ભાગમાં અલગ અલગ રીતે કરવામાં આવે છે. દિવાળીના પર્વે ઘરે ઘરે દીવડાઓ પ્રગટાવવામાં આવે છે. દિવાળીને દિપાવલી પણ કહેવામાં આવે છે. દિપાવલીનો શાબ્દિક અર્થ જોઈએ તો દિપ એટલે દિપક અને આવલી એટલે હારમાળા. આમ દિપાવલી એટલે દિવડાઓની હારમાળા. અધર્મ અને અસત્યના અંધકાર ઉપર ધર્મ અને સત્યના પ્રકાશનો વિજય એટલે દિવાળી. ઘર આંગણે રંગોળી અને રોશની કરીને ઘર સજાવવામાં આવે છે અને મહેમાનોને આવકારવામાં આવે છે.

કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી દિવાળીની ઉજવણી સાવ ફીક્કી રહી છે. લોકો એકબીજાના ઘરે જતાં ડરતા હતા. વળી ધંધા રોજગારને અસર થતાં દિવાળીના તહેવારોની ઉજવણીમાં ઉલ્લાસ જ ન હતો. આ વર્ષે દિવાળીનું પર્વ અનેરો ઉલ્લાસ લઈને આવ્યું છે. કોરોનાના કેસો ઘટતા સમુહ ઉજવણી ફરી શરુ થઈ છે. વસાહતીઓ આ પર્વની ઉજવણી કરવા વતન જઈ રહ્યા છે. ધંધા રોજગાર અર્થે દૂર દેશાવર રહેતા પરિવારો પુનઃ એકત્ર થઈ રહ્યા છે. ગાંધીનગરના ઘણા પરિવારો પોતાના વતન જતા રહેતા સેકટરો સુના લાગી રહ્યા છે. માર્ગો પરવાહનોની અવરજવર સાવ ઓછી થઈ ગઈ છે. કેટલાક પરિવારો હરવા ફરવા પણ ઉપડી ગયા છે. આબુ-અંબાજી અને ઉદેપુર જેવા નજીકના સ્થળોએ હરવા ફરવા જનારાઓની સંખ્યા ખુબ મોટી છે. સરકારી કચેરીઓમાં પણ સળંગ ચાર દિવસની રજા હોઈ આ વર્ષે દિવાળીના તહેવારોની ઉજવણી ખૂબ જ ઉલ્લાસમય બની રહી છે.

## જુસિકા દ્વારા ચક્ષુદાન મેળવાયુ

ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૭-સી ખાતે રહેતા ૭૮ વર્ષિય સીતાબેન જયંતિલાલ મોદીનું અવસાન થતાં જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા તેમના ચક્ષુઓનું દાન મેળવાયુ હતુ. આ સેવાકાર્યમાં ડૉ. મિતેષ તેમજ જુસીકાના કાર્યકર સંજયસિંહ વાઘેલા તેમજ રાજુ વાઘેલાનો સહયોગ મળ્યો હતો.

## દિપોત્સવી પર્વે અક્ષરધામ હજારો દીવડાંઓથી દૈદીપ્યમાન બની ઝળહળશે

ગાંધીનગર, તા. ૩

સતત ૨૯ વર્ષથી શાંતિ, સદભાવ અને સંવાદિતાનો સંદેશ પ્રસરાવતું ગાંધીનગર સ્થિત ભારતીય સાંસ્કૃતિક પરિસર 'અક્ષરધામ' દિવાળીના પર્વે દર વર્ષે હજારો દીવડાઓના શણગાર વચ્ચે દૈદીપ્યમાન બની ઉઠે છે ત્યારે 'સત્યમ્-શિવમ્-સુન્દરમ્'ની અનુભૂતિ દર્શનાર્થીઓના હૃદયવીણાના તારને ઝંકૃત કરી દે છે.

ગુરૂવારે તા. ૪થી નવેમ્બર દિવાળીના દિવસથી લાભ પાંચમ મંગળવાર તા. ૯મી નવેમ્બર સુધી દરરોજ સાંજે ૬ થી ૭.૪૫ વાગ્યા સુધી દર્શનાર્થીઓ આ નયનરમ્ય અને આહલાદક દર્શનને માણી શકશે.

અક્ષરધામ પરિસરના તમામ વિભાગો જેવા કે પ્રદર્શનો તથા વૉટર શૉ વગેરે તા. ૮મી નવેમ્બર સોમવારના દિવસે ખુલ્લા રહેશે. આ સાથે દર્શનાર્થીઓ દરરોજ સાંજે વૉટર શૉ પણ માણી શકશે.







દિવાળીના અવસરે છેલ્લી ઘડીની ખરીદી માટે મોટી સંખ્યામાં ભીડ બજારોમાં ઉમટી પડી હતી. સેક્ટર-૨૧, સેક્ટર-૨૪ અને સેક્ટર-૭ ના બજારોમાં તૈયાર વસ્ત્રો, બુટ-ચંપલ અને ઘર વખરીની ચીજવસ્તુઓની ખૂબ ખરીદી થઈ હતી. મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.



સેક્ટર-૨૮ ખાતે સફાઈ કામદારોને મીઠાઈનું વિતરણ વિપક્ષ નેતા અંકિત બારોટના હસ્તે કરવામાં આવ્યું. જેમાં ૫૦ થી વધુ સફાઈ કામદારોને દિવાળી નિમિત્તે મીઠાઈના પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ. જેમાં મંડળીના એમ.ડી. રાજેશભાઈ પંચોલી, વૈભવ જાની, વેપારી સવજીભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

# દિવાળી - નવા વર્ષ પ્રસંગે આત્મન ફાઉન્ડેશને સે-૧૩ના બાળકોને ખુશીઓ વહેંચી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરની સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી દર દિવાળી પર્વે તક વંચિત બાળકોને નવાં કપડાં, મીઠાઈ - નાસ્તો વગેરેનું વિતરણ કરવામાં આવે છે. તાજેતરમાં સેકટર - ૧૩ની શ્રમજીવી વસાહતના પ્રિય બાળકોને દિવાળી - નવા વર્ષ નિમિત્તે નવાં કપડાં, મીઠાઈ - નાસ્તો, ફટાકડા, ચોકલેટ વગેરેનું પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. લગભગ ૧૦૦ જેટલાં બાળકોને આ લાભ મળ્યો હતો. આ ઉપરાંત બાળ સંભાળ ગૃહ ના બાળકોને પણ લાભ આપવામાં આવ્યો હતો. સે-૧૩ની શાળામાં યોજાયેલ નાના કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના ડો. અનિલભાઈ પટેલે બાળકોને રોજિંદા જીવનની વિજ્ઞાન સાથે જોડાયેલી રસપ્રદ વાતો કરી મજા કરાવી હતી. સંસ્થાના સહયોગીઓ સી. એલ. મહેતા, સંજયભાઈ થોરાત, મમતાબેન રાવલ, અશોકભાઈ ત્રિવેદી, પ્રજ્ઞાબેન પટેલ, સવિતાબેન અને કપિલાબેન માછી, રાજુભાઈ, રાકેશ, નરેશ, અનન્યા વગેરેએ બાળકો સાથે રસપ્રદ વાતો કરી પ્રોત્સાહિત કર્યા હતા અને સરસ રીતે ભણવા પ્રેર્યા હતા. બાળકીઓ દ્વારા સુંદર પ્રાર્થના 'જીવન અંજલી થાજો' રજૂ કરવામાં આવી હતી. બાળકોને દિવાળી - નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. બાળકોએ ખૂબ ખુશી વ્યક્ત કરી હતી.



# સે-૧૭ મધ્યસ્થ ગ્રંથાલય ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન



ગાંધીનગર, તા.૩

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેકટર-૧૭ ખાતે જીપીએસસી વર્ગ-૧ તથા વર્ગ-૨ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે ગ્રંથાલય દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ પચાસ જેટલાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ સહભાગી થયા હતાં. તેમને પધ્ધતિસરનું માર્ગદર્શન મળી રહે તે માટે ગ્રંથાલય દ્વારા જીપીએસસી તથા યુપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરી હોય તેવા અધિકારી તથા ઉમેદવારોને નિમંત્રિત કરવામાં આવ્યા હતાં. જેમાં ગુજરાત વિધાનસભા સચિવાલયના નાયબ સચિવ ચેતનભાઈ પંડ્યા, સેકશન અધિકારી ધ્રુવભાઈ પટેલ તથા તાજેતરમાં જ યુપીએસસીની પરીક્ષા પાસ કરનાર સંજયભાઈ કેશવાલા તેમજ જસદણના નાયબ કલેકટર પારસભાઈએ કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મેળવવા માટે શું કરવું જોઈએ, શું વાંચવુ જોઈએ, કેવી રીતે તૈયારી કરવી જોઈએ તેના વિષેની સુંદર સમજણ આપી હતી તેમજ સાથે પોતાના અનુભવો પણ વર્ણવ્યા હતાં. જેને વિદ્યાર્થીઓએ એકરસ થઈને ધ્યાનથી સાંભળ્યા હતાં તેમજ આખરમાં પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓએ તેમના મનને મૂંઝવતા પ્રશ્નો પૂછયા હતાં જેના વક્તાઓએ સંતોષકારક જવાબો આપ્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમની ગોઠવણ તથા સંચાલન રાજ્ય ગ્રંથપાલ નરેશભાઈ પંડ્યાએ કર્યું હતું.

## જન્મદિને વધામણી



**પ્રતિભાબેન કનુભાઈ દવે**
પ્રમુખ, સંસ્કૃતિ મહિલા પરિવાર
મો. ૯૧૦૬૮ ૨૮૨૦૯



**અદીતિ દક્ષેન ત્રિવેદી**
બ્યુટીશીયન એન્ડ ટેટૂ માસ્ટર
મો. ૯૮૨૪૧ ૬૪૬૨૬



**જયંતિભાઈ વઘાસીયા**
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



**ઉન્નતિ ઉમાકાંતભાઈ**
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮



**ક્રિશાબા રઘુવીરસિંહ રાણા**

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પરમાર દિલીપસિંહ જુગાજી, ઉ.વ. ૫૩, ડભોડા
- સ્વ. દંતાણી બાબુભાઈ કરશનભાઈ, ઉ.વ. ૫૮, સે-૨૮, છાપરાં
- સ્વ. રાણા દશરથસિંહ ભારથુજી, ઉ.વ. ૬૫, ધણપ
- સ્વ. રબારી જકશીભાઈ ગાંડાભાઈ, ઉ.વ. ૭૬, દશેલા
- સ્વ. બારોટ સુરેશભાઈ ઈશ્વરલાલ, ઉ.વ. ૭૦, અડાલજ
- સ્વ. પ્રજાપતિ જીવીબેન ભીખાભાઈ, ઉ.વ. ૭૬, સે-૩

## સેક્ટર-૭ એ વસાહત મંડળ દ્વારા શ્રમજીવીઓને મીઠાઈ વિતરણ

ગાંધીનગર, તા.૩

સેક્ટર-૭ એ વસાહત મંડળ દ્વારા વસાહતીઓ તરફથી મળેલ રૂપિયા ૧૦,૦૦૦ભેટની રકમમાંથી સેક્ટર ૭એની આજુબાજુ ઝુપડામાં રહેતા ૧૫૫ જેટલા શ્રમજીવીઓને દિવાળીના તહેવારો નિમિત્તે મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વસાહત મંડળના સેવાભાવી કાર્યકરો સર્વશ્રી પ્રમુખ જશવંત ગાંધી ,મંત્રી પ્રોફેસર અશોકભાઈ પટેલ, પ્રોજેક્ટ ચેરમેન વંદનાબેન પટેલ, વિપુલભાઈ પટેલ, વિનોદભાઈ રાવલ, યુગ ચાવડા, કુંવરબેન ચૌધરી, મનસુખભાઈ પટેલ, બેલાબેન પટેલ, આશાબેન ચૌધરી, પુષ્પાબેન પટેલ વગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.